# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29-07-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

## આકાશવાણી સમાચાર યશવી મહેતા વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે , ઓપરેશન સિંદુરે વિશ્વને ભારતની સ્વદેશી બનાવટની મિસાઇલો અને ડ્રોનની તાકાત બતાવી
2) ગૃહ મંત્રી અમિત શાહે જણાવ્યું કે, નરેન્દ્ર મોદી સરકાર ત્રાસવાદ સામે શૂન્ય સહિષ્ણુતા નીતિ ધરાવે છે.
3) અમેરિકા અને ચીને આર્થિક વિવાદોને ઉકેલવા માટે સ્ટોકહોમમાં બીજા દિવસની વાતચીત શરૂ કરી
4) જાહેર અને ખાનગી ક્ષેત્રની બેંકો પાસે 52 હજાર 174 કરોડ રૂપિયાની દાવા વિનાની પાકતી મુદતની થાપણો જમા
5) સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો ત્રણ દિવસની નરમાઇ બાદ અડધા ટકાની તેજી સાથે બંધ

…………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# LS-RS OPERATION SINDOOR-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે , ઓપરેશન સિંદુર દરમિયાન મેડ ઇન ઇન્ડિયા ડ્રોન અને મિસાઇલોએ પાકિસ્તાનની પોલ ખોલીને મૂકી દીધી છે. લોકસભામાં ઓપરેશન સિંદુર પર ચર્ચાનો જવાબ આપતા શ્રી મોદીએ જણાવ્યું કે, ઓપરેશન સિંદુર હજુ ચાલુ છે અને પાકિસ્તાન જો દુસ્સાહસ કરશે તો તેનો મક્કમ જવાબ આપવામાં આવશે.

(BYTE PM )

અગાઉ, ચર્ચામાં ભાગ લેતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે ગઈકાલે ઓપરેશન મહાદેવ દરમિયાન ભારતીય સેના , સીઆરપીએફ અને જમ્મુ-કાશ્મીર પોલીસે પહલગામ આતંકવાદી હુમલામાં સામેલ ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા હતા.

તેમણે કહ્યું કે આતંકવાદીઓ પાસેથી ત્રણ રાઈફલ જપ્ત કરવામાં આવી હતી જેનો ઉપયોગ પહલગામ આતંકવાદી હુમલામાં કરવામાં આવ્યો હતો. શ્રી શાહે માહિતી આપી હતી કે ત્રણ આતંકવાદીઓ-સુલેમાન શાહ , જિબ્રાન અને હમઝા અફગાનીનો સફળતાપૂર્વક સફાયો કરવામાં આવ્યો હતો.

(BYTE AMIT SHAH)

# LS-RS OPERATION SINDOOR-2

ગૃહ મંત્રીએ જણાવ્યું કે , સલામતી દળોએ ત્રાસવાદીઓનો ખાત્મો બોલાવ્યો એટલું જ નહીં , પણ તેમને મોકલનારાઓને પણ લક્ષ્ય બનાવ્યા. તેમણે જણાવ્યું કે, નરેન્દ્ર મોદી સરકાર ત્રાસવાદ સામે શૂન્ય સહિષ્ણુતા નીતિ ધરાવે છે.

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ પહલગામ હૂમલા માટે પાકિસ્તાનની ટીકા કરી હતી. તેમણે જણાવ્યું કે , ઓપેરશન સિંદુર દરમિયાન વિરોધ પક્ષો સરકાર સાથે ખડકની જેમ ઊભા રહ્યા હતા. તેમણે કેન્દ્ર સરકાર પર લડવાની ઇચ્છાશક્તિનો અભાવ હોવાનો આરોપ મૂક્યો હતો.

કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધીએ સશસ્ત્ર દળોની ભૂમિકાની પ્રશંસા કરી હતી. તેમણે સરકાર પર જમ્મુ કાશ્મીરમાં સલામતી જાળવવામાં સરકાર નિષ્ફળ ગઈ હોવાનો આરોપ મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે , હૂમલાની ઘટના બની ત્યારે ત્યાં સલામતી દળોનાં કોઈ જવાન નહોતા.

(BYTE PRIYANKA GANDHI)

ચર્ચામાં ભાગ લેતા ડીએમકેના કે કણિમોઝીએ જણાવ્યું કે, પહલગામ ત્રાસવાદી હૂમલા બાદ વિરોધ પક્ષોએ સરકારને સમર્થન આપ્યું હતું. સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવે ઓપરેશન સિંદુર દરમિયાન યુધ્ધવિરામની જાહેરાત સામે પ્રશ્ન ઉઠાવ્યો હતો અને સરકારે દબાણને પગલે આ પગલું લીધું હોવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે ઓપરેશન સિંદુર દરમિયાન સશસ્ત્ર દળોની ભૂમિકાની પ્રશંસા કરી હતી.

# LS-RS OPERATION SINDOOR-3

ભાજપના નિશિકાંત દુબેએ કહ્યું કે એનડીએ સરકાર દરેક નાગરિકને મહત્વ આપે છે અને કોઈ પણ આતંકવાદીને છોડવામાં આવશે નહીં. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, POK ભારતનો ભાગ બનશે.

ડીએમકેના એ રાજાએ આક્ષેપ કર્યો હતો કે રો અને આઇબી દ્વારા આંતરિક સુરક્ષા અહેવાલ હોવા છતાં પહલગામમાં કોઈ સુરક્ષા કર્મચારી નહોતા.

રાજ્યસભામાં પણ ઓપરેશન સિંદુર પર ચર્ચા કરવામાં આવી. ચર્ચાનો પ્રારંભ કરતા સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જમ્મુ કાશ્મીરમાં ત્રણ ત્રાસવાદીઓની હત્યા બદલ ભારતીય લશ્કર અને સલામતી દળોને અભિનંદન પાઠવ્યા. તેમણે જણાવ્યું કે , ઓપરેશન સિંદુરનો હેતુ ત્રાસવાદીઓનાં છુપા સ્થળોનો નાશ કરીને સ્પષ્ટ સંદેશો આપવાનો હતો કે , ભારત ત્રાસવાદ સામે શૂન્ય સહિષ્ણુતાની નીતિ ધરાવે છે.

કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ રાજ્યસભામાં ચર્ચામાં ભાગ લેતાં ઓપરેશન સિંદુર મુદ્દે સરકારની ટીકા કરી હતી. તેમણે માંગ કરી કે જો સલામતી ખામી હતી તો ગૃહ મંત્રી અમિત શાહે તેની જવાબદારી લેવી જોઇએ.

(BYTE MALLIKARJUN KHARGE)

.........

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

------------------------------

# UNCLAIMED DEPOSIT

સરકારે જણાવ્યું છે કે જાહેર ક્ષેત્રની બેંકો અને ખાનગી ક્ષેત્રની બેંકો પાસે પડેલી દાવા વિનાની પાકતી મુદતની થાપણો ત્રણ નાણાકીય વર્ષમાં 42 હજાર 271 કરોડ રૂપિયાથી વધીને 52 હજાર 174 કરોડ રૂપિયા થઈ છે.

2023-24માં જાહેર ક્ષેત્રોની બેન્કો પાસે 45 હજાર 140 કરોડ અને ખાનગી ક્ષેત્રની બેન્કો પાસે સાત હજાર 33 કરોડ રૂપિયાથી વધુની દાવા વિનાની થાપણો હતી. આ રકમને રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા સંચાલિત ડિપોઝીટર એજ્યુકેશન એન્ડ અવેરનેસ ફન્ડમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી એમ રાજ્યસભામાં લેખિત જવાબમાં નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ જણાવ્યું હતું. 2022થી 2024ના નાણાકીય વર્ષમાં વીમા કંપનીઓ પાસે પડેલા દાવા વિનાના ભંડોળની રકમ 21 હજાર 718 કરોડ રૂપિયા હતી એમ તેમણે ઉમેર્યું હતું.

આરબીઆઇએ કેન્દ્રીયકૃત વેબ પોર્ટલ ઉદગમ શરૂ કર્યું છે , જેમાં રોકાણકાર વિવિધ બેન્કોમાં પડેલી દાવા વિનાની થાપણો અને રકમ શોધી શકે છે.

.........

# DRDO-PRALAY

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન ( DRDO) એ 28 અને 29 જુલાઈના રોજ ઓડિશાના દરિયાકાંઠાથી દૂર ડોક્ટર એપીજે અબ્દુલ કલામ ટાપુ પરથી પ્રલય મિસાઈલના સતત બે સફળ ઉડાન પરીક્ષણો કર્યા હતા.

આ પરીક્ષણોએ ચોક્કસ ચોકસાઈ સાથે મિસાઈલની મહત્તમ અને લઘુત્તમ અંતરની ક્ષમતાને સાબિત કરી છે. DRDO દ્વારા વિકસાવવામાં આવેલી પ્રલય એ સ્વદેશી રીતે વિકસાવવામાં આવેલી સોલિડ પ્રોપેલન્ટ અર્ધ-બેલિસ્ટિક મિસાઇલ છે જે ઉચ્ચ ચોકસાઇ સુનિશ્ચિત કરવા માટે અત્યાધુનિક માર્ગદર્શન અને નેવિગેશનનો ઉપયોગ કરે છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સફળ ઉડાન પરીક્ષણો માટે DRDO, સશસ્ત્ર દળો અને ઉદ્યોગની પ્રશંસા કરી છે.

. . . .

# US- CHINA TALKS

વિશ્વના બે સૌથી મોટા અર્થતંત્રો અમેરિકા અને ચીને લાંબા સમયથી ચાલતા આર્થિક વિવાદોને ઉકેલવા માટે આજે સ્ટોકહોમમાં બીજા દિવસની વાતચીત શરૂ કરી હતી.

અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટ અને ચીનના નાયબ પ્રધાનમંત્રી હી લિફેંગ આ બેઠકમાં ભાગ લઈ રહ્યા છે. પ્રતિનિધિમંડળો ગઈકાલે મધ્ય સ્ટોકહોમમાં સ્વીડનના વડા પ્રધાનની કચેરી રોસેનબાદ ખાતે પાંચ કલાકથી વધુ સમય સુધી મળ્યા હતા. વાટાઘાટના પ્રથમ દિવસ પછી બંને પક્ષોએ નિવેદન આપ્યું ન હતું.

. . . . . .

# STOCKS, RUPEE CLOSE

.... અને હવે આર્થિક જગતનાં સમાચાર....

સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો ત્રણ દિવસની નરમાઇ બાદ આજે પ્રારંભિક **ઘટાડા બાદ અડધા ટકાની તેજી સાથે બંધ રહ્યા હતા.** બીએસઇ સેન્સેક્સ 447 પોઇન્ટ વધીને 81 હજાર 338 પર બંધ રહ્યો હતો , જ્યારે એનએસઇ નિફ્ટી-ફિફ્ટી 140 પોઇન્ટ વધીને 24 હજાર 821 પર બંધ રહ્યો હતો.

મિડ કેપ ઇન્ડેક્સ 0.8 ટકા અને સ્મોલ-કેપ ઇન્ડેક્સ 1.1 ટકા વધ્યા હતા.

બીએસઇમાં તમામ ક્ષેત્રીય સૂચકાંકો વધીને બંધ રહ્યા હતા.

વિદેશી હૂંડિયામણ બજારમાં અમેરિકન ડોલર સામે રૂપિયો 15 પૈસા ઘટીને 86 રૂપિયા અને 81 પૈસા પર બંધ રહ્યો હતો.

. . . . .

# SOLAR ROOFTOP

છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન રહેણાંક , સરકારી, વ્યાપારી અને ઔદ્યોગિક, સંસ્થાકીય, સામાજિક અને ખાનગી સંસ્થાઓમાં ગ્રીડ-કનેક્ટેડ રૂફટોપ સોલર સિસ્ટમ્સની કુલ 15 હજાર 206 મેગાવોટ ક્ષમતા સ્થાપિત કરવામાં આવી છે, એમ મંગળવારે સંસદમાં જણાવવામાં આવ્યું હતું.

ઊર્જા રાજ્યમંત્રી શ્રીપાદ નાયકે અગાઉ ગૃહમાં જણાવ્યું કે, 14 જુલાઇ સુધીમાં દેશમાં 15 લાખ 45 હજાર ઘરોમાં રૂફ ટોપ સોલર સિસ્ટમ છે , જેમાંથી ગુજરાતમાં પાંચ લાખ 23 હજાર ઘરોનો સમાવેશ થાય છે.

ફેબ્રુઆરી, 2024માં શરૂ કરવામાં આવેલી પીએમ સૂર્યઘર મુફ્ત બિજલી યોજનાનો મહત્વનો ઘટક દેશનાં દરેક જિલ્લામાં મોડલ સોલર વિલેજ વિકસાવવાનો છે.

.....